જિલ્લામાં કોંગ્રેસ દ્વારા ઉમેદવારોની પસંદગી પ્રક્રિયાને વેગીલી બનાવાઈ

ગાંધીનગર, તા. ૭

કોંગ્રેસ પક્ષ દ્વારા જિલ્લાની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના ઉમેદવારોની યાદીને આખરી ઓપ

૧૧મીએ સાંજ સુધીમાં તમામ બેઠકોના ઉમેદવારોની જાહેરાત થઈ જશે

આપવાની કામગીરીને વેગ આપવામાં આવ્યો છે.

જિલ્લા કોંગ્રેસ સમિતિના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૧૧મીએ સાંજ સુધીમાં ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા સંપન્ન થઈ જશે અને સત્તાવાર યાદીની પણ જાહેરાત કરી દેવામાં આવશે.

કોંગ્રેસ પક્ષ દ્વારા ઉમેદવારોની પસંદગી અંગે અનેકવિધ પાસાંઓને ધ્યાને લેવામાં આવ્યાનું આ સૂત્રોએ જણાવ્યુ છે. જિલ્લાના સીમાંકનમાં થયેલા ફેરફારોને ધ્યાને રાખી અને ઉમેદવારોની પસંદગીમાં વિલંબ થોડોક જરૂર થયો છે પણ ઉમેદવારો નથી એવી કોઈ સ્થિતિ ન હોવાનું આ સૂત્રોએ જણાવ્યુ છે.

સ્થાનિક કક્ષાએથી જ સર્વસંમતિ સાથે ઉમેદવારની પસંદગીને અગ્રતા આપવામાં આવી છે. ઉમેદવારોની પસંદગીમાં ખેંચાખેંચ નથી પણ સક્ષમ અને સમર્થ ઉમેદવારની પસંદગી કરવામાં આવશે તેવો દાવો કોંગ્રેસના આગેવાનો કરી રહ્યા છે.

જિલ્લામાં તમામ બેઠકો એકલા હાથે લડવાનો પણ નિર્ણય પક્ષે લીધો હોવાનો આ સૂત્રોએ દાવો કર્યો છે.

કોંગ્રેસ પક્ષના ઉમેદવારો ૧૨મી અને ૧૩મીના રોજ તેમના ઉમેદવારીપત્રો ભરી દેશે તેમ પણ આ સૂત્રોએ જણાવ્યુ હતુ.

અનોખો સંયોગ - ગાંધીનગરના હાર્દસમા વિસ્તારમાં અનેક સંયોગો સર્જાતા હોય છે... પરંતુ આ તસવીર એક અનોખા સંયોગની છે... જેમાં કબૂતર જેવું ભોળું પંખી અને અળવિતરા સ્વભાવગત વાનર એક સાથે નિરાંતે ખોરાક આરોગી રહ્યા છે... જુના સચિવાલયની પાછળ અનોખા સેવા કેન્દ્રમાં ચણ માટે અનેક પ્રકારના દાણા-ફરસાણ સેવા માટે ઉપલબ્ધ હોય છે... મજાની વાત એ છે કે, સરકારી વહીવટની વચ્ચે સેવાનો ભાવ ધમધમે છે... જુના - નવા સચિવાલયના પડછાયા એકબીજાને આંબે છે... એવા વિસ્તારમાં વાનરો અને કબૂતરો સાથે ખોરાક-ભોજન કરે એવા આ અનોકા સેવા યજ્ઞની પણ તાસિર છે... ગાંધીનગર શહેર એટલે માત્ર સચિવાલય કે વિધાનસભાનું નહિ પરંતુ આજુબાજુ સેવાભાવથી તરબતર ભાવુકોનું પણ શહેર છે... અહીં રીસેસમાં નાસ્તો કરવા આવતા કર્મયોગીઓ પોતાના માટે નાસ્તો તો ખરીદે છે પણ સાથે સાથે અબોલ પશુ-પક્ષી માટે પણ નાસ્તાના વ્યવસ્થા કરતા હોય છે... આ જ તો છે ગાંધીનગરની તાસિર અને તસવીર....

જિલ્લામાં ૮ નવા કેસ : ૮ ને ડિસ્ચાર્જ

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લામાં આજે સતત બીજે દિવસે કોરોનાના વધુ ૮ કેસ મળી આવ્યા છે. જેમાં ૪ કેસ ગાંધીનગર શહેરના છે અને ૪ કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી મળી આવ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા ૪ કેસમાં ૩ મહિલા દર્દીઓ છે. મહિલા દર્દીઓની સંખ્યા વધતાં તંત્રમાં ચિંતાની લાગણી ઉભી થવા પામી છે. આજે નોંધાયેલા ૪ કેસમાં બે દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૩ કેસ ગાંધીનગર તાલુકામાં અને એક કેસ કલોલ તાલુકામાં નોંધાયો છે.

ગાંધીનગર તાલુકાના પેથાપુર ગામેથી આજે બે મહિલા દર્દીના રિપોર્ટ પોઝીટીવ આવ્યા છે. આ ઉપરાંત વાયુશક્તિનગરમાંથી એક મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

પેથાપુરમાં બે કેસ સહિત ગ્રામ્ય વિસ્તારમાં ૪ કેસ, સે. ૩૦ માં દંપત્તિ કોરોનાની ઝપટે ચડ્યુ, શહેરમાં પણ ૪ કેસ

કલોલ તાલુકાના આમજા ગામેથી ૭૦ વર્ષીય ખેડૂતનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ વૃદ્ધને પણ સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

જિલ્લામાં આજે વધુ ૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

જિલ્લાની સ્થાનિક સ્વરાજ્યની ૧૮૨ બેઠકો અંગે આજે જાહેરનામુ પ્રસિદ્ધ થશે

આ સાથે ઉમેદવારી પત્રો પણ ભરાશે : કોરોના સંક્રમિત દર્દીએ તબીબી અધિકારીનું પ્રમાણપત્ર ઉમેદવારી નોંધાવતા પહેલાં રજુ કરવાનું રહેશે : કોરોનાની મહામારીને લઈ તંત્રએ પણ વિશેષ તૈયારીઓ કરી : ૧૩મી ફેબ્રુ. સુધી ઉમેદવારી પત્રો ભરી શકાશે : ૧૫મીએ ચકાસણી થશે

ગાંધીનગર, તા. ૭

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અંગેનું આજે જાહેરનામુ પ્રસિદ્ધ થતાં જ જિલ્લામાં ૧૮૨ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પ્રક્રિયાનો પ્રારંભ થશે. આજથી આ જંગ માટે ઉમેદવારીપત્ર ભરી શકાશે.

સ્થાનિક સ્વરાજ્યની આ ચૂંટણી માટે ૧૩મી સુધી ઉમેદવારી પત્રો ભરી શકાશે. આ ચૂંટણીના મુખ્ય સ્પર્ધક પક્ષો ભાજપ અને કોંગ્રેસ બન્ને ૧૦મીની આસપાસ તેમના સત્તાવાર ઉમેદવારોની ઘોષણા કરશે.

કોરોનાની મહામારીના સમયમાં યોજાઈ રહેલ આ ચૂંટણીને લઈ તંત્રએ વિશેષ તૈયારીઓ સાથે આ પ્રક્રિયાના પ્રારંભ માટેની તૈયારીઓ આજે સંપન્ન કરી દીધી છે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ખર્ચની મર્યાદામાં વધારો કરવામાં આવતાં રાજકીય પક્ષોએ થોડીક રાહત જરૂર અનુભવી છે. જો કે આજથી હવે જિલ્લામાં આચારસંહિતાના કડક અમલની પણ શરૂઆત થશે.

જિલ્લામાં સંવેદનશીલ મતદાન મથકો અને અતિ સંવેદનશીલ મતદાન મથકો ૧૫મી પછી નિયત કરાશે અને એ

● અનુસંધાન પાન-૭ પર

ઉમેદવારી ફોર્મ સાથે રજૂ કરવાના જરૂરી આધાર પૂરાવા

૧. **ઉમેદવારનું :** ● ચૂંટણી કાર્ડ ● આધાર કાર્ડ ● રેશનકાર્ડ ● અભ્યાસના પ્રમાણપત્રો ● જન્મનો દાખલો/ શાળા છોડ્યાનું પ્રમાણપત્ર ● બાળકોના જન્મના દાખલા ● પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ ● મોબાઈલ નંબર

૨. **દરખાસ્ત કરનાર/ટેકેદારનું :** ● ચૂંટણી કાર્ડ ● આધારકાર્ડ ● રેશનકાર્ડ અને ● જન્મનો દાખલો/ શાળા છોડ્યાનું પ્રમાણપત્ર ● પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ ● મોબાઈલ નંબર

૩ પંચાયતના વેરા/સરકારી લેણું બાકી નથી તે અંગેનું તલાટી કમ મંત્રીશ્રીનું પ્રમાણપત્ર.

૪ ઉમેદવાર અન્ય મતદાર વિભાગનો હોય તો જે મતદાર વિભાગની મતદાર યાદીમાં નામ નોંધાયેલ હોય તેના મદદનીશ મતદાર નોંધણી અધિકારીશ્રીનું પ્રમાણપત્ર તથા મતદાર યાદીમાં જે પાના ઉપર નામ હોય તે પાનાની પ્રમાણિત નકલ. (૫)બાળકો અંગેનો એકરાર. (૬) સામાન્ય રહેણાંકના સ્થળે વોટર ક્લોઝેટ અથવા જાજરૂની સગવડ ધરાવતા હોવા અંગેનો સક્ષમ અધિકારીશ્રીનો દાખલો.

૭ ઉમેદવારી ફોર્મના ભાગ-૭, ૮ અને ૯ નું નોટરી સમક્ષ કરેલું સોગંધનામું. (૮) પોલીસનો દાખલો.

૯ જો ઉમેદવાર અનામત વર્ગનો હોય તો સક્ષમ અધિકારીશ્રીનું જાતિનું પ્રમાણપત્ર. (૧૦) ડીપોઝીટ ભર્યા અંગેની પહોંચ. (૧૧) માન્ય રાજકીય પક્ષના ઉમેદવાર હોય તો સંબંધિત પક્ષનું અધિકૃત મહાનુભાવનું નિયત નમુનો-ક તથા તેમની સહીવાળું નિયત નમુના-ખ માં જરૂરી મેન્ડેટ અસલમાં ઉમેદવારી પત્ર રજુ કરવાના છેલ્લા દિવસે બપોરના ૩.૦૦ કલાક પહેલાં.

શહેરમાં ઠંડીનો આકરો મિજાજ : તાપમાન ૮.૫ ડીગ્રી

અસહ્ય ઠંડીના ચમકારાથી જનજીવન સુન્ન : સેકટરોની શેરીઓમાં સન્નાટો : એક જ દિવસમાં ઠંડીનો પારો ૪.૫ ડીગ્રી ગગડયો : મહત્તમ તાપમાન ૩૦ ડીગ્રીની આસપાસ રહેતા દિવસે હળવી ગરમીનો અહેસાસ

ગાંધીનગર તા ૭

શહેરમાં ઠંડીનો મિજાજ આજે ઉગ્ર બન્યો હતો ગઈકાલની સાપેક્ષમાં ઠંડીનો પારો ૪.૫ ડીગ્રી ગગડતા નગર અસહ્ય ઠંડીની ગિરફતમા આવી ગયુ હતુ. ઠંડીનો પારો ફરી એકવાર સિંગ્લ ડિઝીટમાં આવી ગયો હતો. અસહ્ય ઠંડીના લીધે સાંજ ઢળતા જ સેકટરોની શેરીઓમાં પણ સુનકાર પ્રવર્તયો હતો.ગઈકાલની સાપેક્ષમાં આજે લઘુત્તમ તાપમાન ૪.૫ ડીગ્રી ગગડીને ૮.૫ ડીગ્રી પહોંચી ગયુ હતુ.

શહેરમાં છેલ્લા બે દિવસથી ઠંડીનો મિજાજ હળવો થયો હતો જેના લીધે નગરજનોએ આકરી ઠંડીમાં રાહત અનુભવી હતી ગત સપ્તાહ દરમિયાન ન્યુન્નતમ તાપમાન ૬ ડીગ્રી સુધી નીચે ઉતરી જતા અસહ્ય કોલ્ડવેવથી નગર ઠંડીમાં ઠુંઠવાયુ હતુ. ઠંડીની અસરથી સાંજ ઢળતા જ સેકટરોમાં સન્નાટો છવાઈ જતો હતો. જયારે અસહ્ય ઠંડી બાદ લઘુત્તમ તાપમાન ઉંચુ આવતા નગરજનોએ કોલ્ડવેવમાં રાહત અનુભવી હતી. બે દિવસ અગાઉ પણ ઠંડીનો પારો ૧૦.૪ ડીગ્રી રહ્યો હતો. વાતાવરણમાં છેલ્લા બે દિવસથી ગુલાબી ઠંડી પ્રવર્તી હતી જયારે ગઈકાલે લઘુત્તમ તાપમાન ૧૩ ડીગ્રીએ પહોંચી જતા નગરજનોએ ઠંડી અદ્રશ્ય થઈ ગઈ હોવાનો અહેસાસ કર્યો હતો. આકરી ઠંડી બાદ દિવસ દરમિયાન ઉનાળા જેવી ગરમીનો અહેસાસ પણ કર્યો હતો. ધીમે ધીમે ગરમીનો પારો પણ ઉંચકાઈ રહ્યો છે. ગઈકાલે છેલ્લા ત્રણ દિવસથી મહત્તમ તાપમાન ૨૯ થી ૩૧ ડીગ્રી વચ્ચે જોવા મળી રહ્યુ છે. જયારે આજે અચાનક જ ઠંડીનો પારો ગગડયો હતો. ગઈકાલની સાપેક્ષમાં લઘુત્તમ તાપમાનમાં ૪.૫ ડીગ્રીનો તફાવત જોવા મળ્યો હતો. આજે ઠંડીનો પારો ૮.૫ ડીગ્રી પહોંચી જતા સવારથી જ

● અનુસંધાન પાન-૭ પર

આજે પાર્લામેન્ટરી બોર્ડમાં ઉમેદવારોની પસંદગી માટેની પેનલો રજુ કરવામાં આવશે

૧૦મીએ ઉમેદવારોની યાદી ભાજપ દ્વારા જારી કરવામાં આવે તેવી સંભાવનાઓ : એક-બે બેઠક પર વય-મર્યાદામાં છુટછાટ અપાય તેવા પણ સંકેતો

ગાંધીનગર, તા. ૭

ભારતીય જનતા પક્ષના પાર્લામેન્ટરી બોર્ડમાં આજે ગાંધીનગર જિલ્લાની સ્થાનિક સ્વરાજ્યની ૧૮૦ બેઠકો પર ચર્ચા-વિચારણા કરવામાં આવશે.

ગાંધીનગર ખાતે આજથી પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડની બેઠકનો આરંભ થયો છે. જિલ્લામાંથી પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડને આજે સાંજે સંભવિત ઉમેદવારોની પેનલો તૈયાર કરી અને નિરીક્ષકોએ આપી દીધી છે.

જિલ્લા ભાજપ દ્વારા આજે આખો દિવસ બેઠકોનો દોર ચાલ્યો હતો અને તેમાં છેલ્લામાં છેલ્લી સ્થિતિનો અભ્યાસ કરી ઉમેદવારોની પેનલ આખરી કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં આજે નેતાઓની મળેલ બેઠકમાં પક્ષની ગાઈડલાઈન ઉમેદવારો માટે જે નિયત કરવામાં આવી છે તેનું પાલન થાય તે પણ જોવામાં આવ્યુ છે. એકાદ-બે કિસ્સામાં કદાચ વય-મર્યાદામાં છુટછાટ મુકવામાં આવે તેવી શક્યતાના સંકેતો મળી રહ્યા છે.

જિલ્લામાં નિરીક્ષકોએ કરેલી કાર્યવાહી અંગેની પણ ટૂંકી નોંધ પાર્લામેન્ટરી બોર્ડમાં રજુ કરાશે તેમ જાણવા મળેલ છે. પ્રદેશ સમિતિ તરફથી પાર્લામેન્ટરી બોર્ડમાં નિરીક્ષકો અને જિલ્લાના આગેવાનોની સાથે સંયુક્ત ચર્ચા થશે તેમ મનાઈ રહ્યુ છે.

જિલ્લા ભાજપના આગેવાનોની બેઠકમાં પ્રચાર અભિયાન અંગેની પણ ચર્ચાઓ કરાઈ હોવાનું જાણવા મળેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

નિયમિત સફાઈના અભાવે સેકટરોમાં કચરાપેટી જ ગંદકીનુ ઉદ્દભવ સ્થાન

ગંદકીથી ખદબદતી કચરા પેટીમાંથી નિયમિત કચરો ન ઉઠાવાતા ઉકરડા અસ્તિત્વમાં આવે છે. : સ્થાનિકોમાં રોષ : સફાઇ કામગીરીના નામે મીંડુ

ગાંધીનગર તા ૭

સેકટરોમાં સફાઈ વ્યવસ્થાનુ હજુ પણ ઠેકાણુ પડયુ નથી યોગ્ય સફાઈના અભાવે સેકટરોમાં આંતરિક માર્ગો તેમજ કોમન પ્લોટમાં પણ કચરાના ઢગ જોવા મળે છે.બીજીતરફ કચરા પેટીમાંથી પણ સમયસર કચરો ઉઠાવાતો નથી જેના લીધે કચરાના કન્ટેઈનર જ ગંદકીનુ ઉદભવ સ્થાન બન્યા છે. સેકટરોમાં કચરા પેટી મુકાયેલી છે તેવા ઠેકાણે જ ગંદકીના થર જામ્યા છે. શહેરમાં સફાઈ વ્યવસ્થા ખાડે ગઈ છે. સેકટરોની શેરીઓમાં યોગ્ય સફાઈ થતી નથી જેના લીધે સેકટરોના આંતરિક માર્ગો તેમજ કોમન પ્લોટમાં કચરાના ઢગ ખડકાયેલા જોવા મળે છે. સ્માર્ટ સીટીમાં કચરો ઉઠાવાની પ્રક્રીયા હજુ સ્માર્ટ બની નથી. જયારે કચરાના એકત્રિતકરણ માટે મુકાયેલી ડસ્ટબીન પણ ગંદકીનુ કેન્દ્રસ્થાન બની છે. સેકટરોમાં મુકાયેલી કચરાપેટીમાંથી નિયમિત કચરો ઉઠાવાતો નથી જેના લીધે કચરા પેટી જ કચરાનુ ઉદભવ સ્થાન બની છે. કચરાથી ભરાયેલી કચરા પેટી યોગ્ય સમયે સાફ ન થતા આસપાસના વિસ્તારમાં અસહ્ય ગંદકી પ્રવર્તે છે. જેના લીધે નાગરિકો પણ હવે કચરાપેટીમાં કચરો નાંખવા જતા ગુંગળામણ અનુભવે છે. સેકટરોમાં મુકાયેલા કચરા એકત્રિતકરણ માટેના કન્ટેઈનરોમાંથી પણ સમયસર કચરો ઉઠાવાતો નથી જેના લીધે ગંદકીનો પ્રશ્ન વધુ જટીલ બન્યો છે. સેકટરોના આંતરિક માર્ગો તેમજ કોમન પ્લોટમાં પણ કચરાના ઢગ જોવા મળે છે. શહેરના કહેવાતા વી આઈ પી વિસ્તારમાં સફાઈ કામદારો સફાઈ કરતા નજરે પડે છે. પરંતુ અન્ય સેકટરો તેમજ જાહેર સ્થળો પર સફાઈના નામે મીંડુ છે. સેકટરોમાં ઘરે ઘરેથી કચરો એકત્રિત કરવાની યોજના શરૂ કરાયા બાદ નાગરિકો નિયમિત રૂપે અલગ અલગ ડસ્ટબીનમાં કચરો એકત્રિત કરે છે જયારે આ કચરાનો યોગ્ય સમયે નિકાલ કરવાની વ્યવસ્થા પણ જળવાયેલી છે. પરંતુ સેકટરોમાં મુકાયેલી કચરા પેટીઓ જ કચરાથી ઉભરાતા ગંદકીના થર જામ્યા છે. જેથી કચરાપેટી જ ગંદકીનુ ઉદભવ સ્થાન બની છે. સેકટરોમાં કચરા પેટીમાંથી નિયમિત કચરો ઉઠાવાની વ્યવસ્થા ગોઠવાય તેવી માંગણી પણ સ્થાનિકોએ કરી છે. સેકટરોમાં સ્વચ્છતા જાળવવા માટે કચરો દુર કરી શહેરને રોચક બનાવાની કામગીરી નિયમિત થાય તે અનિવાર્ય છે.

નવા સેકટરોમાં આંતરિક માર્ગોનુ ધોવાણ : માર્ગો પર કચરાના ઢગ

પેવર બ્લોકની કામગીરીના લીધે નીચાણમાં ધકેલાયા માર્ગોનુ વરસાદમાં ધોવાણ : રહીશોને હાલાકી

ગાંધીનગર તા ૭

શહેરના સેકટરોમાં હજુ માર્ગ સુધારણાની કામગીરી બાકી હોવાનો આક્રોશ સ્થાનિકો વ્યકત કરી રહ્યા છે. ગત વરસાદી દિવસો બાદ નવા સેકટરોમાં કેટલાક ઠેકાણે આંતરિક માર્ગોનુ સદંતર ધોવાણ થયુ છે. ત્યારે સેકટરોમાં ઘર આંગણે આંતરિક માર્ગો પર ડામરની કાંકરીઓ પથરાયેલી રહેતા સ્થાનિકો પરેશાન છે. માર્ગોના રીસરફેસના કામ માટે યોગ્ય સર્વે કરી આવા વિસ્તારમાં માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરાય તેવી પણ માંગ ઉઠવા પામી છે. સે-૩ સીમાં પણ છેલ્લા ઘણાં સમયથી માર્ગોની દશા બેઠી છે.

ગાંધીનગરના સેકટરોમાં માર્ગ સુધારણાની કામગીરી તબક્કાવાર હાથ ધરવામાં આવી રહી છે. જુના સેકટરોમાં માર્ગ સુધારણાને અનુલક્ષીને ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. જે મુજબ સે-૨૪ થી સે-૨૭ માં સેકટરોના માર્ગોની સરફેસનુ કામ હાથ ધરવામાં આવશે. ત્યારે નવા સેકટરોમાં પણ સે-૬ થી ૮ માં આંતરિક માર્ગોની સુધારણાનુ બાકી કામ પુર્ણ કરી દેવાયુ છે. પરંતુ સે-૩ માં આંતરિક માર્ગોની દશા ખરાબ છે. વરસાદી દિવસોના અંતે છેલ્લા ઘણાં સમયથી સેકટરોની સોસાયટીમાં માર્ગોનુ ધોવાણ થતા માર્ગો પર કપચી પથરાયેલી જોવા મળે છે. ટુંકા સમયગાળામાં જ માર્ગોની દશા બેઠી છે. સેકટરોમાં એકબાજુ સ્થાનિકો દ્વારા પેવર બ્લોકનુ કામ કરવામાં આવ્યુ છે. જેના લીધે સોસાયટીના માર્ગો નીચાણમાં ધકેલાઈ ગયા છે. આવા સંજોગોમાં વરસાદી પાણીનો ભરાવો પણ આ વર્ષે વિશેષ થયો હતો જેથી સેકટરોના આંતરિક માર્ગો ઉબડ ખાબડ જોવા મળી રહ્યા છે. સેકટરોમાં માર્ગ સુધારણાનુ કામ નિયત સમયના અંતે હાથ ધરવામાં આવે છે. પરંતુ નવા સેકટરોમાં તેમાંય ખાસ કરીને સે -૩ માં છેલ્લા ચાર છ મહીનામાં માર્ગો અત્યંત બિસ્માર હાલતમાં જોવા મળી રહ્યા છે. સેકટરોમાં ગત વરસાદી દિવસો દરમિયાન એકબાજુ સ્ટોર્મ વોટર લાઈનની કામગીરી પણ હાથ ધરવામાં આવી હતી જેના લીધે સેકટરોના રીંગ રોડ પણ ગાબડા ગ્રસ્ત બન્યા હતા જો કે લાંબા સમય બાદ કોર્પોરેશનના તંત્ર દ્વારા આ ખાડા ટેકરા પુરવા માટે પણ કામગીરી હાથ ધરવામાં આવી હતી. હાલની સ્થિતિએ સેકટર ૩ માં સોસાયટીના આંતરિક માર્ગો ખરબચડા બન્યા છે.જયારે સફાઈના અભાવે ડામરની ડમરીઓ પથરોલી જોવા મળે છે. જેના લીધે સ્થાનિકો પરેશાન છે. રહીશોના ઘર આંગણે જ માર્ગો પર માટી તેમજ ડામરની કાંકરીઓ પથરાયેલી જોવા મળે છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ટચૂકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com